# ગૌરી વ્રત અને જયા-પાર્વતી વ્રત નિમિત્તે ભજન સંધ્યા યોજાઈ





ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લા મહિલા વિવિધ ઉત્પાદક સહકારી મંડળી લી. દ્વારા બાળાઓના ગૌરીવ્રત અને મહિલાઓના જયા પાર્વતી વ્રત નિમિત્તે 'ભજન સંધ્યા' ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના સહયોગથી યોજાઈ હતી. આ પ્રસંગે જાણીતા ઉદ્યોગપતિ અંબુજી ગોલ, મહાકાલી માતા સેવા ટ્રસ્ટના ચેરમેન પ્રેમલસિંહ ગોલ, વસાહત મંડળના પ્રમુખ કેસરીસિંહ બિહોલા, નિવૃત્ત માહિતી અધિકારી ભાનુભાઈ દવે, મંદિરના પુજારી સીતારામભાઈ બાપુ, મહિલા વિવિધ ઉત્પાદક સહકારી મંડળીના ચેરપર્સન વીણાબેન રાજગોર સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ભાનુભાઈ દવે દ્વારા આ બંને વ્રતનો મહિમા સમજાવી વિજ્ઞાનયુગમાં અંધશ્રધ્ધાથી દુર રહેવા જણાવ્યું હતું.

દમયંતીબેન બારોટ, ગોવિંદભાઈ ગઢવી, મનીષભાઈ-રમઝટ કલાવૃંદ દ્વારા સુમધુર ભજન શબ્દસરની સાથે રજૂ કરાયા હતા. ચીમનભાઈ રાજગોર, વિનોદભાઈ પુરાણી સહિતના તમામ વસાહતીઓએ મહેમાનોને આવકાર્યા હતા. આ કાર્યક્રમમાં સેકટરના જુદા જુદા મહિલા મંડળોની બહેનો-બાળાઓ-અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


## સે-૨૨ ગણેશોત્સવમાં યોજાનાર ''બેસ્ટ સિંગર ઓફ ધ સિટી'' સ્પર્ધા માટે પ્રવેશપત્ર ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરમાં સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા સેક્ટર-૨૨માં ઉજવાતા ગણેશ મહોત્સવનું આ વર્ષે ૫૦મું વર્ષ ઉજવવા જઈ રહ્યું છે. આ પ્રસંગે વિવિધ કાર્યક્રમોના ભાગરૂપે ''બેસ્ટ સિંગર ઓફ ધ સીટી-૨૦૧૯'' ગાયન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા તા. ૨જી સપ્ટેમ્બરથી તા. ૮મી સપ્ટેમ્બર દરમ્યાન સેક્ટર-૨૨ના રંગમંચ ખાતે યોજાશે.

''બેસ્ટ સિંગર ઓફ ધ સિટી-૨૦૧૯'' સ્પર્ધા ચાર ગૃપમાં યોજાશે જેમાં એ ગૃપમાં ૬ થી ૧૫ વર્ષ, બી ગૃપમાં ૧૬ થી ૩૦ વર્ષ, સી ગૃપમાં ૩૧ થી ૫૦ વર્ષ અને ડી ગૃપમાં ૫૦ વર્ષથી વધુ વયના સ્પર્ધકો ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માંગતા સ્પર્ધકોએ પ્રવેશપત્ર મેળવવા સેક્ટર-૧૬માં તૃપ્તી પાર્લરની બાજુમાં મિનાક્ષી ટ્રેડર્સનો અથવા ફોન નં. ૦૭૯-૨૩૨-૩૩૩૯૯ પર સંપર્ક સાધવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવ્યું છે. સ્પર્ધામાં વિશાળ સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લેવા સંસ્થાના અધ્યક્ષ નિશીત વ્યાસ ઉપરાંત અગ્રણીઓ આશાબેન સરવૈયા, ડૉ. ચેતનાબેન બુચ તથા પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર શૈલેશ પવારે અનુરોધ કર્યો છે.

## બોરીજમાં ગંદુ પાણી માર્ગો પર ફરી વળ્યું



ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૨માં સમાવિષ્ટ બોરીજ ગામમાં ગટરલાઈન ઉભરાતી હોવાને કારણે ગામના રસ્તા પર અને રહીશોના ઘરમાં ગંદા પાણી ફરી વળ્યાં છે. દુર્ગંદયુક્ત દૂષિત પાણીના ફેલાવાથી ગંદકી સાથે રોગચાળો ફેલાવાની દહેશત સર્જાઈ છે જેને પગલે સ્થાનિક કોર્પોરેટર રોશનબેન પરમાર દ્વારા જો તંત્ર સત્વરે આ સમસ્યાનો ઉકેલ નહી લાવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

## યુવકને ''ચાલુ બાઈકે કેમ થુંક્યો'' કહીને લુંટી લીધો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર નજીક આવેલા અડાલજ ટોલટેક્ષ વિસ્તારમાં લુંટના બનાવો દિન-પ્રતિદિન વધી રહ્યા છે. રાત્રીના અંધારામાં આરોપી બાઈક લઈને જતા નાગરીકોને પોતાનો શિકાર બનાવે છે. ત્યારે બે માસ અગાઉ અડાલજ ટોલટેક્ષથી આગળ અમદાવાદ તરફ રાત્રીના દોઢ વાગ્યાના અરસામાં એક યુવકને ચાલુ બાઈકે કેમ થુંક્યો કહીને બાઈક ઉભુ રખાવીને યુવકને ધમકાવી યુવક પાસે રહેલો વીવો કંપનીનો મોબાઈલ ફોન કિ. ૫,૦૦૦ તેમજ સોનાની વીટીં કિ.૮૦૦૦ મળી કુલ રૂ.૧૩,૦૦૦ મત્તાની લુંટ ચલાવી આરોપી ભાગી ગયો હતો. બનાવ અંગે યુવકે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

અડાલજ પોલીસ પાસેથી મળતી વિગત મુજબ સંજય ભગવાનભાઈ પરમાર (ઉં.વ.-૩૦) (રહે. આશાપુરા,ખોડીયાર ચારરસ્તા બહેરામપુરા અમદાવાદ મુળ રહે. ઉણ માનપુરા કાંકરેજ) ગતતા. ૧૫-૫-૧૯ ના રોજ દોઢવાગ્યાના અરસામાં મહેસાણા-અમદાવાદ માર્ગ પર અડાલજ ટોલટેક્ષથી આગળ અમદાવાદ તરફ જઈ રહ્યો હતો ત્યારે બાઈક ચાલક યુવાનને ચાલુ બાઈકે કેમ થુંક્યો કહીને અન્ય યુવાને ઉભો રાખ્યો હતો અને અંધારાનો લાભ લઈ યુવાનને લુંટી લીધો હતો. યુવાનને ધાકધમકી આપીને તેની પાસે રહેલો વીવો કંપનીનો મોબાઈલ ફોન તેમજ સોનાની વીટી મળીને કુલ કિં.રૂ. ૧૩૦૦૦ મત્તાની લુંટ ચલાવી આરોપી ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે યુવાને અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પાલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## નર્મદા કેનાલમાંથી બે પુરૂષના મૃતદેહ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતી નર્મદા કેનાલમાંથી આંતરે દિવસે એક બે મૃતદેહ મળી આવે છે. નર્મદા કેનાલ જાણે મરવા માટેનું સ્થળ બની ગયું હોય તેમ લાગી રહ્યું છે. ગતરોજ સાંજના સુમારે જમીયતપુરા નર્મદા કેનાલમાં અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળી આવ્યો હતો. અંદાજે ૩૦ થી ૩૫ વર્ષિય યુવકના મૃતદેહની ઓળખ થવા પામી નથી. મૃતદેહને ફાયર બ્રિગેડના જવાનોએ બહાર કાઢીને પીએમ અર્થે મોકલી આપ્યો હતો. બનાવ અંગે અડાલજ પોલીસે ફરીયાદ નોંધી આગળની તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ જયારે બીજા બનાવમાં વોટર સાઈડ હોટલ પાસે પાણીમાં મૃતદેહ તરતો જોવા મળતા તાત્કાલીક અડાલજ પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ બનાવ સ્થળે પહોંચીનો મૃતદેહને બહાર કઢાવીને પીએમ અર્થે મોકલી આપી વધુ તપાસ હાથ ધરી હતી. જયારે મૃતકનું નામ જીતેન્દ્ર અંબાલાલ પટેલ (ઉં.૩૮ આશરે) અને ગાંધીનગર શુકર આઈ બ્લોક નં. ૪૦૪ કુડાસણ ખાતે રહેતા હોવાનું જાણવા મળ્યું હતું. બનાવ અંગે પોલીસે ફરીયાદ નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ગુરૂ પૂર્ણિમા નિમિત્તે કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૪

દિવ્ય જીવન સંઘ ગાંધીનગર શાખા દ્વારા તા. ૧૬ જુલાઈના દિવસે સવારે ૮ થી ૯.૩૦ કલાક દરમિયાન ગુરૂ પૂર્ણિમા મહોત્સવ યોજાશે. શાખા કાર્યાલય પ્લોટ નં. ૧૬૬૦/૧, સે-૨-ડી ખાતે વ્યાસ પૂજા તથા ગુરૂપાદ પૂજા કરી ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવશે. સંસ્થાના મંત્રી આર.એચ. ભાટિયા દ્વારા નગરજનોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ગૌરી વ્રત નિમિત્તે સૂકા મેવાનું વિતરણ



ગાંધીનગર, તા.૧૪

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ગૌરી વ્રત નિમિત્તે સે-૧૨ સરકારી પ્રાથમિક શાળાની બાલિકાઓને સૂકા મેવાનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ બાલિકાઓને ગેમ્સ રમાડી, ગીતો ગવડાવી, પેન્સિલ કલરબોકસનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

સંસ્થાના પ્રમુખ ચંદ્રિકાબેન રાવલના નેજા હેઠળ યોજાયેલ કાર્યક્રમમાં સંસ્થાના મંત્રી જ્ઞાનદેવીબેન ઉપાધ્યાય, ખજાનચી પ્રતિમાબેન ત્રિવેદી, શાળાના આચાર્ય રાગીણીબેન રાવલ, શિક્ષક કોકિલાબેન મોદી, ભાનુબેન આર્ય અને મહિલા પાંખની તમામ બહેનો હાજર રહી હતી અને તેમના દ્વારા આશરે ૫૦ જેટલી બાળાઓને વ્રત ફળ તોવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# રાજનીતિની 'કઠણાઈ': ભાજપને આખા દેશમાં શાસન જોઈએ છે, કોંગ્રેસમાં 'તારણહાર' નથી

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ભારતમાં હવે કોઈપણ ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર નહીં હોય અથવા તો હારી જાય તો પણ ચાલશે, કેમ કે ભાજપ ઓછા સભ્યોથી પણ સરકાર કે સત્તામાં આવી શકે છે. દેશમાં એવા ઘણાં રાજ્યો છે કે જ્યાં બહુમતિ નથી છતાં સરકાર બનાવી છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં જ્યાં શાસન નથી ત્યાં કોંગ્રેસના સભ્યોને તોડીને ભાજપમાં લઈ જવા, વિધાનસભામાં રાજીનામાં અપાવીને ધારાસભ્યોને ભાજપમાં લઈ જવા અને ગણત્રીના કલાકોમાં કેબિનેટ મંત્રી બનાવી દેવા જેવી ઘટનાઓ બની છે. જનતાનો મેન્ડેટ ન હોવા છતાં કર્ણાટકમાં ભાજપે સત્તા મેળવવા માટે નાટક શરૂ કર્યું છે. ભાજપના પૂર્વ મુખ્યમંત્રી યેદુરપ્પા ખુરશી વિના બેચેન છે તેથી તેમણે કોંગ્રેસ અને જેડીએસના ધારાસભ્યોને તોડ્યા છે. ગોવામાં કોંગ્રેસના ૧૫ માંથી ૧૦ સભ્યોને ભાજપમાં પ્રવેશ અપાવીને ગોવાની સરકારમાં બહુમત પ્રાપ્ત કર્યો છે. દેશમાં જે રાજ્યમાં સત્તા ન હોય ત્યાં સત્તા છિનવી લેવાના પ્રયાસો ભાજપ માટે ''પગ પર મારેલો કુહાડો'' જેવા બનવાની દહેશત પાર્ટીના સિનિયર કાર્યકરોએ વ્યક્ત કરી છે. પાર્ટીના સિનિયર કાર્યકર કે જેણે પાર્ટીને ઉભી થતી જોઈ છે તેમણે કહ્યું કે- અમારા નેતાઓને શું સાબિત કરવું છે તે ખબર પડતી નથી. લોકશાહીમાં મજબૂત વિરોધપક્ષ નહીં હોય તો શાસક પક્ષ સરમુખત્યારની જેમ

## ગુજરાત કોંગ્રેસમાં કાર્યકરોની અછત- જેટલા કાર્યકરો તેટલા નેતા બની ગયા છે

## આખા દેશમાં સત્તા મેળવવા માટે ભાજપની નેતાગીરીએ સિદ્ધાંતોની બલી ચઢાવી

વર્તે છે તેવા દાખલા વિશ્વના અનેક દેશોમાં મોજૂદ છે. અમારી પાર્ટીને આખા દેશમાં કેસરિયો જોઈએ છે પણ કેસરિયો દેશ કરવા જતાં પાયાના કાર્યકરોની સમાધી બની રહી છે તે કોઈ રાષ્ટ્રીય નેતાઓને દેખાતું નથી.

**ભાજપમાં સિદ્ધાંતો અને કેડરની બલી ચઢી છે...**

જનસંઘમાંથી ભાજપની સ્થાપના થઈ હતી ત્યારે પાર્ટીના સિદ્ધાંતો અને કેડરબેજ પાર્ટીની છાપ હતી પરંતુ આ છાપ દિવસે દિવસે ભૂંસાતી જાય છે. કોઈપણ વ્યક્તિ ભાજપમાં આવી શકે છે પરંતુ શરત એટલી કે તે વ્યક્તિ સત્તા મેળવી આપવો જોઈએ. ભાજપને જ્યારથી કોંગ્રેસના સભ્યો અને નેતાઓ માટે પાર્ટીના દરવાજા ખોલી નાંખ્યા છે ત્યારથી પાર્ટીની કેડરબેજ ઈમેજની બલી ચઢી ગઈ છે. સંઘ પરિવારની ભગિની સંસ્થાઓ અને ભાજપ તેના કાર્યકરોને ટકોરા મારીને પસંદ કરતી હતી. વ્યક્તિનું ગોત્ર કયું છે, પાર્ટીની વિચારધારા સાથે સુસંગત છે કે કેમ, તેનામાં પાર્ટી માટેની ઉંચી ભાવના છે કે કેમ તેમજ જોડાનારા વ્યક્તિના સિદ્ધાંતો કેવા છે તેવા કોઈ ગુણ હવે ભાજપમાં જોવામાં આવતા નથી. ગુજરાતમાં ભાજપનું કોંગ્રેસીકરણ થયું છે તેવું હવે આખા દેશમાં થઈ રહ્યું છે. લોકસભા કે વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના નેતાઓને ભરપેટ ગાળો આપતા કોંગ્રેસના ધારાસભ્યો અને નેતાઓ ભાજપને સારા લાગે છે. આ નેતાઓ ભાજપમાં ગયા પછી દૂધે ધોયેલા થઈ જાય છે. કોંગ્રેસમાં બીજી પાર્ટીના નેતાઓ ભળે તે સમજી શકાય તેમ છે, કારણ કે વર્ષો જૂની પાર્ટીમાં ભૂતકાળમાં એવું બન્યું છે. બહારના નેતાઓને લઈને કોંગ્રેસ મજબૂત થઈ છે અને કોંગ્રેસ ખરાબ રીતે તૂટી પણ છે. કોંગ્રેસનો ભૂતકાળ જોઈએ તો મમતા બેનરજી, જગન મોહન રેડ્ડી અને શરદ પવાર જેવા રાષ્ટ્રીય ગજાના નેતાઓએ કોંગ્રેસને છોડીને નવી પાર્ટી બનાવી છે. કોંગ્રેસના નેતાઓને ભાજપમાં લઈ જનારા નેતાઓએ કોંગ્રેસનો ભૂતકાળ જોવો જોઈએ.

**દેશમાં કોંગ્રેસનો તારણહાર ગાંધી પરિવાર છે...**

ભારતમાં કોંગ્રેસનો તારણહાર ગાંધી પરિવાર જ છે. ઈતિહાસ સાક્ષી છે કે કોંગ્રેસને ડૂબતી બચાવવાનું કામ ગાંધી પરિવારે કર્યું છે. દેશ ઉપર રાજ કરનારા જવાહરલાલ નહેરૂ, ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધી એક એવું વ્યક્તિત્વ હતા કે તેમના પ્રયાસોથી કોંગ્રેસ ઉજળી હતી. કોંગ્રેસની સ્થાપના ૨૮મી ડિસેમ્બર ૧૯૮૫માં થઈ હતી. ભારતમાં કુલ સાત કોંગ્રેસી વડાપ્રધાન આવ્યા છે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનો ઈતિહાસ બે અલગ યુગમાં વિભાજીત થાય છે. આઝાદી પહેલાનો યુગ કે જ્યારે કોંગ્રેસ પાર્ટી સંપૂર્ણ ભારતમાં આઝાદીની ચળવળમાં સૌથી મોખરે તેમજ લોકોની જાગૃતિ માટેનું સાધન હતી. બીજો આઝાદી પછીનો યુગ— એટલે કે જ્યારે કોંગ્રેસ પાર્ટીએ ભારતના રાજકારણમાં અગ્રણી સ્થાન ભોગવ્યું હતું. ૧૯૪૭ની આઝાદી પછીના ૬૦ વર્ષમાંથી અવિરત ૪૮ વર્ષ સુધી કોંગ્રેસે શાસન ભોગવ્યું છે. ૧૯૮૫માં કોંગ્રેસના પહેલા પ્રેસિડેન્ટ વ્યોમેશ ચંદ્ર બેનરજી હતા. ૧૯૪૭ સુધી કોંગ્રેસ પાર્ટીમાં ૫૮ પ્રેસિડેન્ટ આવી ચૂક્યાં હતા. પ્રથમ ૧૯૨૯-૩૦માં અને ત્યારબાદ ૧૯૩૬-૩૭ અને ૧૯૫૧-૫૨માં કોંગ્રેસના પ્રેસિડેન્ટ તરીકે જવાહરલાલ નહેરૂ નિયુક્ત થયા હતા. આ એવી પાર્ટી છે કે જેના પ્રેસિડેન્ટ તરીકેનું ગૌરવવંતુ સ્થાન મહાત્મા ગાંધી અને સરદાર પટેલે ભોગવ્યું છે. ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધી પણ કોંગ્રેસના પ્રેસિડેન્ટ રહી ચૂક્યાં છે. ૧૯૯૮ થી ૨૦૧૭ જેટલા લાંબા સમય સુધી સોનિયા ગાંધી કોંગ્રેસના પ્રેસિડેન્ટ રહ્યાં છે. અત્યારે કોંગ્રેસના વર્તમાન પ્રેસિડેન્ટ (લોકસભામાં હારના કારણે રાજીનામું આપી ચૂક્યાં છે) રાહુલ ગાંધી ૨૦૧૭માં પ્રેસિડેન્ટ બન્યા હતા. હવે પાર્ટી તેમના અનુગામીની તલાશ કરી રહી છે, પરંતુ કોંગ્રેસના સિનિયર નેતાઓને ગાંધી પરિવાર સિવાય બીજા કોઈ પ્રેસિડેન્ટ જોઈતા નથી, કારણ કે આ પરિવાર જેવી લોકપ્રિયતા બીજા કોઈ રાષ્ટ્રીય નેતા ધરાવતા નથી.

**ગુજરાત કોંગ્રેસમાં કાર્યકરોની અછત છે...**

ગુજરાત કોંગ્રેસમાં કાર્યકરોની અછત પ્રવર્તી રહી છે, કેમ કે ગુજરાતમાં મોટાભાગના પરિવારો અને સમાજમાં ભાજપે પગપેસારો કર્યો છે. પિતા કોંગ્રેસમાં હોય તો પુત્ર ભાજપમાં હોય છે. કાકા ભાજપમાં છે તો ભત્રીજો કોંગ્રેસમાં છે. તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ તો ૨૦૦૧ થી ૨૦૧૪ સુધીના ૧૩ વર્ષના શાસનમાં કોંગ્રેસને ગુજરાતમાં ખતમ કરી નાંખી છે. વિધાનસભાની ચાર અને લોકસભાની બે ચૂંટણીમાં કોંગ્રેસની રહી સહી વોટબેન્ક પણ તોડી નાંખી છે. પટેલોને બાદ કરતાં ઠાકોર સમાજ, દલિત સમાજ, આદિવાસીઓ, મુસ્લીમો અને પછાત વર્ગના સમાજોમાં મોદીએ ગાબડાં પાડીને તેઓને ભાજપના કેસરી ખેસ પહેરાવ્યા છે. ગુજરાત કોંગ્રેસમાં માધવસિંહ સોલંકીની ખામ થિયરી— ને મોદીએ ખેદાન મેદાન કરી છે. લોકસભાની ચૂંટણી પહેલાં અને ચૂંટણી પછી ભાજપે લોકોને ભાજપ સાથે જોડવાના આપેલા કોલનો ગુજરાતમાં અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે. યુવાનો અને મહિલાઓ ભાજપ જોઈન્ટ કરી રહ્યાં છે. બીજી તરફ કોંગ્રેસ તૂટતી જાય છે. કોંગ્રેસ પાસે હાલ જેટલા કાર્યકરો છે તેટલા નેતાઓ છે. વિરોધનો ઝંડો લઈને કોઈને તડકામાં ફરવું નથી. એસી ચેમ્બરમાં બેસીને આદેશ કરવા ટેવાયેલા કોંગ્રેસના સિનિયર મોસ્ટ નેતાઓ પાર્ટીને બેઠી કરવાના કામથી દૂર ભાગી રહ્યાં છે. ગુજરાતમાં કોંગ્રેસ પાસે કાર્યકરોની મોટી અછત છે, કેમ કે ભાજપે કોંગ્રેસના ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્યો, પૂર્વ સંસદસભ્યો અને નેતાઓને પાર્ટી છોડાવી છે તેથી તેમના સમર્થકો ભાજપમાં જોડાયા છે. કોંગ્રેસમાં કાર્યકરોની કેડરમાં શૂન્યાવકાશ સર્જાયો છે છતાં કોંગ્રેસના પ્રદેશ નેતાઓની આંખ ખૂલતી નથી. જો આવું જ ચાલ્યું તો ૨૦૨૨માં પણ કોંગ્રેસની હાર નિશ્ચિત છે.

## રૂપિયા લઇને ચૂંટણીમાં વિરોધી ઉમેદવારને જીતાડવાની વૃત્તિએ કોંગ્રેસને ડૂબાડી

**કોઇ બેઠક બિનહરીફ ન થાય તો કોંગ્રેસનો વિજય...**

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં કોઈ બેઠક બિનહરીફ ભાજપ જીતે નહીં તો કોંગ્રેસનો ભવિષ્યમાં વિજય થાય તે નક્કી છે, કેમ કે ગુજરાતમાં ૧૯૯૫ પછી આવેલી તમામ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓમાં કોંગ્રેસને પૂરતા ઉમેદવારો મળતા નથી તેથી ભાજપના ઉમેદવારો ચૂંટણી પહેલાં જ જે તે બેઠક પર બિનહરીફ વિજેતા થઈ જાય છે. સ્થાનિક ચૂંટણી તો દૂરની વાત છે પરંતુ લોકસભા અને વિધાનસભામાં શહેરી વિસ્તારની બેઠકોમાં પણ કોંગ્રેસને મજબૂત ઉમેદવારો મળતા નહીં હોવાથી કોઈપણ વ્યક્તિને ચૂંટણી લડાવે છે. કોંગ્રેસ માટે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર અને જામનગર એવા વિસ્તારો છે કે જ્યાં લોકસભા અને વિધાનસભા માટે જીતી શકે તેવા ઉમેદવારો નથી. જૂનાગઢ મહાનગર પાલિકાની ચૂંટણી ૨૧મી જુલાઈએ આવી રહી છે ત્યારે કોંગ્રેસના ઉમેદવારોની પસંદગીમાં ભડકો થયો છે. ટિકીટ વહેંચવામાં ગોટાળા થયા હોવાથી કોંગ્રેસના જૂનાગઢ શહેરના પ્રમુખ અમિપરીયાએ રાજીનામું આપી દીધું છે. કોંગ્રેસના સત્તાવાર ઉમેદવારોને હરાવવા માટે પાર્ટીના કાર્યકરો મેદાનમાં આવી ચૂક્યાં છે. ચોંકાવનારી બાબત તો એવી છે કે કોંગ્રેસના સાત ઉમેદવારોએ ભાજપના ઉમેદવારોના સમર્થનમાં તેમના નોમિનેશન પાછા ખેંચી લીધા છે. હવે આવી સ્થિતિ હોય ત્યાં ગુજરાતમાં કોંગ્રેસ કેવી રીતે મજબૂત બનશે તે પ્રશ્ન છે.

**ગુજરાતમાં કોંગ્રેસની કમજોરીના ૨૦ કારણો...**

ગુજરાતમાં કોંગ્રેસ નબળી અને કમજોર કેમ થતી ગઈ છે તેના ૨૦ કારણો મુખ્ય છે. આ કારણો પર પાર્ટી હાઈકમાન્ડ ગંભીરતાથી વિચારે તો ગુજરાતમાં કોંગ્રેસ માટે ફરીથી સુવર્ણકાળ આવી શકે છે.

૧. પાર્ટીના સત્તાવાર ઉમેદવારોને હરાવી વિરોધીને વિજયી બનાવવાની પ્રવૃત્તિ
૨. કોઈપણ ચૂંટણીના મતદાન સમયે કાર્યકરોની ઉપસ્થિતિનો અભાવ
૩. જેટલા કાર્યકરો તેટલા નેતા બની ગયા છે, કોઈને કાર્યકર રહેવું નથી
૪. ચૂંટણી જીતવાના માઈક્રો પ્લાનિંગ અને સ્ટ્રેટેજીનો સદંતર છેદ ઉડી રહ્યો છે
૫. ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા અત્યંત કંગાળ, ટિકીટ વિતરણમાં ગોલમાલ
૬. એક બીજાને પાડી દેવાની વૃત્તિ, હાઈકમાન્ડને સાચુ કહેવાની હિંમત નથી
૭. નરેન્દ્ર મોદી જેવી પ્રતિભા કે મુખ્યમંત્રી પદના દાવેદાર ઉભા થયા નથી
૮. સોશ્યલ મિડીયામાં ભાજપની ગતિ સામે અત્યંત કંગાળ દેખાવ રહ્યો છે
૯. મહિલા અને યુવા ઉમેદવારોને ચૂંટણી લડવા માટે પ્રોત્સાહન મળતું નથી
૧૦. તમામ ચૂંટણીમાં મોદીને ગાળો આપીને કોંગ્રેસ સત્તા વિમુખ બની રહી છે
૧૧. કોંગ્રેસ જનતા માટે કઈ યોજનાઓ લાવવા માગે છે તેનો કોઈ પ્રચાર નહીં
૧૨. સ્થાનિક લેવલે મજબૂત નેતાઓ ગયા પછી નવી કેડર ઉભી થતી નથી
૧૩. વિવિધ વર્ગોમાં જનાધાર ગુમાવ્યો છે તે પાછો મેળવવાના પ્રયાસ થતાં નથી
૧૪. પાર્ટીમાં કોંગ્રેસ જોડો, નહીં પણ કોંગ્રેસ તોડો અભિયાન ચાલી રહ્યું છે
૧૫. પક્ષપલ્ટો કે બળવાખોરી કરે તેવા ઉમેદવારને ટીકીટ આપવાનું પરિણામ
૧૬. ભાજપમાંથી હાંકી કઢાયેલા નેતાઓને પ્રોત્સાહન આપીને હાર સ્વિકારાય છે
૧૭. પાર્ટીના જિલ્લા અને તાલુકા સ્તરના નબળાં સંગઠનો મજબૂત થતાં નથી
૧૮. પ્રદેશ યુનિટ અને હાઈકમાન્ડના યુનિટ વચ્ચે તાલમેલનો અભાવ રહ્યો છે
૧૯. ગુજરાતમાં સૌથી મોટો સમાજ ઓબીસી છે, તેની સતત અવગણના થાય છે
૨૦. ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને પાર્ટીના હોદ્દેદારો વચ્ચે કોઈ તાલમેલ નથી